INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૯-૧૦-૨૦૨૩

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી, પૂર્વ કેન્દ્રીય મંત્રી ભારત સરકાર અને સાંસદ, ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારીશ્રી મુકુલ વાસનીકજી તા. ૧૦ ઓક્ટોબર અને ૧૧ ઓક્ટોબર, ૨૦૨૩ બે દિવસના સંગઠનલક્ષી કાર્યક્રમ અન્વયે પંચમહાલ લોકસભા અને દક્ષિણ ગુજરાતની વલસાડ બેઠક પર યોજાનાર 'કાર્યકર સંવાદ' સહિતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર સહિતના અગ્રણીઓ બે દિવસ કાર્યક્રમમાં સાથે જોડાશે.

પંચમહાલ લોકસભા માટે ગોધરા ખાતે યોજાનાર સંગઠન બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્યશ્રી જીગ્નેશ મેવાણી, એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી ઉષા નાયડુજી તથા પ્રદેશના સંગઠન પ્રભારી વિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

વલસાડ લોકસભાના (અ.જ.જાતિ) માટે ધરમપુર ખાતે યોજાનાર સંગઠન બેઠકમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતાશ્રી સુખરામભાઈ રાઠવા, કાર્યકારી પ્રમુખશ્રી ઋત્વિક મકવાણા અને એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી ઉષા નાયડુજી તથા પ્રદેશના સંગઠન પ્રભારી વિશેષ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

| **તારીખ** | **સમય** | **આગમન** |
|---|---|---|
| ૧૦/૧૦/૨૦૨૩ | સવારે ૮-૪૫ કલાકે | અમદાવાદ એરપોર્ટ |
| | સવારે ૯-૦૦ કલાકે | ગોધરા માટે રવાના |
| | સવારે ૧૧-૦૦ કલાકે | ગોધરા ખાતે બેઠક |
| | સાંજે ૭-૦૦ કલાકે | સુરત રેલ્વે સ્ટેશન થી સ્વાગત બાઈક રેલી |
| ૧૧/૧૦/૨૦૨૩ | સવારે ૧૧-૦૦ કલાકે | ધરમપુર લોકસભા બેઠક |

પંચમહાલ અને વલસાડ લોકસભા બેઠક માટે યોજાનાર અગત્યની બેઠકમાં પી.સી.સી., એ.આઈ.સી.સી. ડેલીગેટ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત સ્થાનિક આગેવાનો, પ્રદેશના પદાધિકારીઓ અને વિશેષ આમંત્રિત ઉપસ્થિત રહેશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા